# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

Phone : 0278-2570111 WhatsApp : 8866570111 Email : krcscbvn@gmail.com Website : www.krcscbhavnagar.org

**ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ**
**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.**

Date :6th May, 2021

પ્રતિ,
તંત્રી શ્રી,
................................, ભાવનગર.

વર્લ્ડ થેલેસેમિયા દિવસ અને વર્લ્ડ ફર્સ્ટ આઈ બેંક દિવસ અંતર્ગત લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા
**કીર્તિમાન દાન – લોહી । પ્લાઝમા । અવયવ** વિષય પર ઓનલાઈન વેબિનારનું આયોજન.
જાહેર જનતાને હાલની પરિસ્થિતિને પહોચી વળવા રક્તદાન તેમજ પ્લાઝમા દાનની કરાઈ અપીલ.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

દર વર્ષે ૮ મે ના રોજ વિશ્વ થેલેસેમિયા દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસને ઉજવવા પાછળનો હેતુ થેલેસીમિયા નિવારણ અંગેના પગલા, બાળકોનું સ્વાસ્થ્ય તેમજ થેલેસીમિયા વિષે લોક જાગૃતિ લાવવા માટેનો છે. ૧૯૯૪થી થેલેસીમિયા દિવસ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવવામાં આવી રહ્યો છે. થેલેસેમિયા ઇન્ટરનેશનલ ફેડરેશન (TIF) ની સ્થાપના 1986 માં થેલેસેમિયાવાળા દર્દીઓના અધિકારોની સુરક્ષા માટે કરવામાં આવી હતી. આ રોગ અંતર્ગત દર્દીને દર ૧૫-૩૦ દિવસે લોહીની ખાસ જરૂર પડતી હોય છે માટે રકત દાન કરવું ખુબ જરૂરી બને છે. થેલેસેમિયા રોગ વારસાગત હોવાથી, તેનો ઉપચાર થઈ શકતો નથી પરંતુ જો યોગ્ય સમયે નિદાન થાય તો લોહી ચડાવવું અને અસ્થિ-મજ્જા સેલ ટ્રાન્સપ્લાન્ટેશન દ્વારા તેનું સંચાલન અથવા સારવાર કરી શકાય છે.

આ દિવસની સાથોસાથ ૮ મે એ વિશ્વ પ્રથમ આઈ બેંકની શરૂઆત થઇ હતી. પ્રથમ સફળ કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટ 1905 માં કરવામાં આવ્યો હતો અને પ્રથમ આઇ બેંકની 1944 માં સ્થાપના કરવામાં આવી હતી ડૉ. ટાઉનલી પેટન અને ડૉ. જ્હોન માક્લીન, બે ચિકિત્સકોએ આઇ બેંક શરૂ કરી હતી, જેના પગલે આજના સમયે આંખના ટ્રાન્સપ્લાન્ટ દ્વારા અંધ લોકો જોઈ શકતા થયા છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આ બંને દિવસોને ધ્યાનમાં લઈને "કીર્તિમાન દાન : લોહી । પ્લાઝમા । અવયવો" વિષય પર તા.૦૮-૦૫-૨૦૨૧ શનિવારના રોજ સાંજે ૪ વાગ્યે ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમના તજજ્ઞ શ્રી સુમિતભાઈ ઠક્કર (ઉપપ્રમુખ, ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, ભાવનગર) ઉપસ્થિત રહી વિષય સંદર્ભે વિશેષ માહિતી આપશે. આ કાર્યક્રમમાં જોડાવા માટે www.krcscbhavnagar.org / current events પર ૦૮-૦૫-૨૦૨૧ બપોરે ૨ વાગ્યા સુધીમાં નામની નોંધણી કરવાની રહેશે.

*** કોરોના મહામારીની હાલની પરિસ્થિતિને પહોચી વળવા માટે જાહેર અપીલ:**

- ૧૮ થી ૫૫ વર્ષના સ્વસ્થ વ્યક્તિઓ રક્તદાન કરવા માટે આગળ આવે.
- જે વ્યક્તિઓ કોરોના સંક્રમિત થઈને સ્વસ્થ થયા હોય તેઓ પ્લાઝમા ડોનેટ કરે.

6/5/21
6pm

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.